BUSINESS મિત્ર

નિફ્ટીએ 23400 પોઇન્ટની સપાટી કુદાવી પણ રોકાણકારોની કમાણી ઘટી

# વૈશ્વિક તેજીના જોરે સેન્સેક્સ 564 પોઇન્ટ ઉછળ્યો

**મિડ-સ્મોલકેપ** શેરોમાં નજીવો સુધારો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.21:** એશિયન બજારોમાં ઉત્સાહ વચ્ચે આજે ભારતીય શેરબજારમાં પણ ખરીદીનું વાતાવરણ જોવા મળ્યું હતું. આ વાતાવરણમાં સેન્સેક્સ આજે ઈન્ટ્રાડેમાં 692 પોઈન્ટનો ઉછાળો ભર્યો હતો, જ્યારે નિફ્ટી પણ 23400 પોઈન્ટને પાર કરીને દિવસના અંત સુધી મજબૂત રહ્યો હતો. જોકે, બ્રોકર લેવલ પર દબાણ જોવા મળ્યું હતું અને બ્રોડર માર્કેટમાં નજીવો ઘટાડો જોવાયો હતો.

સેકટર વાઈઝ જોઈએ માત્ર રિયલ્ટી અને ફાર્મા સેકટરના ઈન્ડેક્સ એક-એક ટકાથી વધુના વધારા સાથે બંધ થયા હતા, જ્યારે નિફ્ટી એફએમસીજી પણ 0.95 ટકાના વધારા સાથે બંધ થયા હતા. અન્ય કોઈપણ મહત્વના સેકટરમાં એક ટકાથી વધુની ગતિ જોવા મળી નથી. જેના લીધે બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 5000 કરોડનો નજીવો ઘટાડો જોવાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 564.03 પોઈન્ટ એટલે કે 0.76 ટકા વધીને 74868.99 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74987 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74454 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 67.90 પોઈન્ટ એટલે કે 0.29 ટકા વધીને 23400 પોઈન્ટની સપાટી કુદાવીને 23414.30 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23466 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23314 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 111.95 પોઈન્ટ એટલે કે 0.2 ટકા વધીને 56470.65 પોઈન્ટ પર બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે શ્યામ મેટાલિક્સમાં 134.61 ગણા, કોરોમાંડલમ ઈન્ટરનેશનલમાં 34.64 ગણા, સીન્જીન ઈન્ટરનેશનલમાં 18.84 ગણા, કાર્બોન્ડમ યુનિવર્સલમાં 7.02 ગણા અને ગેઈલ લિ.માં 5.98 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે અનુપમ રાસાયણમાં 18.25 ગણા, કાર્બોન્ડમ યુનિવર્સલમાં 17.28 ગણા, જેપી વાપર વેન્ચર્સમાં 14.07 ગણા, ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ્સ ત્રાવણકોરમાં 7.54 ગણા અને શ્યામ મેટાલીકમાં 6.99 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સામસામી રાહ જોવાયા મળ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.02 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.09 ટકા સુધર્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ સપાટ રહી હતી. બીએસઈ ખાતે 2224 શેરો વધ્યા હતા, જ્યારે 2232 શેરો ઘટ્યા હતા, જ્યારે કુલ 250 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ 1.16 ટકા વધ્યા હતા, જેમાં મેકકાઈન્ડ ફાર્મા, વોકહાર્ટ, લોરસ લેબ્સ, પિરામલ ફાર્મા, અને ટોરેન્ટ ફાર્મા, બાયોકોન, લ્યુપીન, સન ફાર્મા, ડો. રેડ્ડીઝ લેબ અને સાઈ લાઈફ સાયન્સ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે સપ્તાહના અંતમાં વોશિંગ્ટનમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની યુએસ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાત પુર્વે રોકાણકારો મુલ્યાંકન કરી રહ્યા છે અને આ બંને નેતાઓની બેઠક સફળ થવાની અપેક્ષાએ વૈશ્વિક બજારોમાં થોડોક જોશ જોવાયો હતો. જેની પાછળ એશિયન બજારો પણ ચમક્યાં હતા. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ અ ચીનના વાઈસ પ્રીમિયર હી લિફેંગે સપ્તાહના અંતમાં ન્યૂયોર્કમાં પ્રારંભિક વાટાઘટો કર્યો હતો. જેમાં વેપાર, ટેરિફ, ક્રિટિકલ મિનરલ્સ અને એઆઈને આવરી લેવામાં આવ્યા હતા. ચર્ચાઓમાં સંભવિત રાષ્ટ્રીય સુરક્ષા અસરો સાથે એઆઈ ઘટનાઓ વિશે એકબીજાને જાણ કરવા માટે સુચિત પદ્ધતિનો પણ સમાવેશ થાય છે. ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો થતાં વૈશ્વિક બજારોમાં સુધારો જોવાયો હતો. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.99 ટકા, કેક 0.84 ટકા અને ડેક્સ 1.20 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.36 ટકા, સ્ટ્રેઈટસ 0.34 ટકા, હેંગસેંગ 1.04 ટકા, તાઈવાન 1.13 ટકા, કોસ્પી 1.62 ટકા, અને શાંઘાઈ 0.96 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 0.88 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં 7 પૈસાનો સુધારો

કરન્સી બજારમાં આજે પણ રૂપિયામાં સુધારો આગળ વધતો જોવા મળ્યો હતો, જે 96 તરફ આગેકૂચ કરતો હતો, તેને બ્રેક વાગી છે. આજે ડોલરની સામે રૂપિયો 7 પૈસા સુધરીને 95.81ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.88ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.12, પાઉન્ડ 127.74, કેનેડિયન ડોલર 68.43, ઓસ્ટ્રેલિયન ડોલર 68.02, જાપાનીઝ યેન 0.6092, સીંગાપોર ડોલર 74.85ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.81 રૂ. |
| યુરો | 110.12 રૂ. |
| પાઉન્ડ | 127.74 રૂ. |
| યેન | 0.6092 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 564.03 | 74858.99 |
| નિફ્ટી | 67.90 | 23414.30 |
| બેન્ક નિફ્ટી | 111.95 | 56470.65 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.77 | 235.90 |
| એચસીએલ ટેક્નો | 2.54 | 1281.00 |
| આઇટીસી | 1.79 | 267.00 |
| સન ફાર્મા | 1.72 | 1868.90 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.71 | 1247.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 3.33 | 1830.20 |
| અદાણી પોર્ટસ | 2.02 | 1787.10 |
| બજાજ ફાઇનાન્સ | 1.83 | 1021.30 |
| પાવરગ્રીડ | 1.55 | 266.10 |
| અદાણી એન્ટર | 1.49 | 2975.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 4.11 | 11108.65 |
| એચસીએલ ટેક્નો | 3.42 | 1280.30 |
| ઇટર્નલ | 2.59 | 4874.90 |
| ટાઇટન કંપની | 2.49 | 4874.90 |
| આઇટીસી | 1.93 | 267.25 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 1.93 | 1830.00 |
| પાવરગ્રીડ | 1.15 | 266.90 |
| ઇન્ફોસીસ | 0.97 | 1040.00 |
| અદાણી પોર્ટસ | 0.72 | 1788.00 |
| ટાટા સ્ટીલ | 0.62 | 183.60 |

# એપલમાં 2 મહિનામાં છટણીનો બીજો રાઉન્ડ

**Fitness+થી** લઇને AI અને Vision Pro ટીમોમાં કાપ; 200થી વધુ કર્મચારીઓ પર અસર

મુંબઈ, તા. 21: આઈફોન નિર્માતા એપલે ફરી એકવાર છુટા કરી દીધા છે. બ્લુમબર્ગ એક રિપોર્ટ અનુસાર ગત સપ્તાહમાં એપલની ફિટનેસ પ્લસ ટીમના કેટલાક કર્મચારીઓને બરતરફ કરવામાં આવ્યા હતા. આ આઉટેજને કારણે ફિટનેસ પ્લસના ઓડિયો વિભાગમાં કામ કરતા કર્મચારીઓને અસર થઈ હોવાનું કહેવાય છે, જેમાં ટાઈમ ટુ વોક અને ટાઈમ ટુ રન જેવી સામગ્રી સામેલ છે.

આ સુવિધાઓની મદદથી, એપલ વોચ વપરાશકર્તાઓ વિડીયો જોયા વિના માર્ગદર્શિત ઓડિયો વર્કઆઉટસને એકસેસ કરી શકે છે. હાલમાં, આ સુવિધાઓ બંધ કરવામાં આવી રહી નથી. ફિટનેસ પ્લસ સેવાને સતત નવી વર્કઆઉટ સામગ્રીની જરૂર હોય છે. બે મહિનાથી ઓછા સમયમાં કંપની દ્વારા નોકરીમાં કાપનો બીજો રાઉન્ડ છે.

ઓગસ્ટની શરૂઆતમાં એવું જાણવા મળ્યું હતું કે એપલ તેની સિરી ડિજિટલ આસિસ્ટન્ટ અને વિઝન પ્રો હેડસેટ ટીમોમાં નોકરીઓ ઘટાડી રહી છે. બ્લુમબર્ગના એક અહેવાલમાં આ બાબતની જાણકારી ધરાવતા લોકોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે એપલ તેની ઈન્ટેલિજન્ટ સીસ્ટમ એક્સપિરિયન્સ ટીમના કર્મચારીઓને પણ છુટા કરી રહી છે. આ ટીમે સોફટવેર એન્જિનીયરીંગ વિભાગનો ભાગ છે, જેમાં એઆઈ કારણભૂત છે.

કંપની મોટા ભાગે વિઝન પ્રો માટે ગેમિંગ કેન્દ્રિત ટીમને બંધ કરી રહી છે અને ઉપકરણ માટે ઈમર્સિવ વિડીયો સામગ્રી બનાવતા એકમનું કદ પણ ઘટાડી હી છે. ઓગસ્ટમાં નોકરીના કાપથી 200થી વધુ લોકો પ્રભાવિત થયા હોવાના અહેવાલ છે.

# BRICS દેશોમાં ભારતીય સામાનની માગમાં મોટો ઉછાળો

**પાંચ** મહિનામાં નિકાસ 34 ટકા વધી

**ચીનને** સૌથી વધુ ભારતીય માલ સામાન વેચ્યો

નવી દિલ્હી, તા. 21: દુનિયાના અનેક મોટા બજારોમાં ભારતીય ઉત્પાદનોની માંગ ઝડપથી વધી રહી છે. ચાલુ નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ પાંચ મહિનામાં બ્રિક્સના ચાર મુખ્ય દેશો ચીન, રશિયા, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકામાં ભારતની નિકાસ 34 ટકા વધીને 19.9 અબજ ડોલર થઈ છે. એક વર્ષ પહેલા સમાન સમયગાળામાં તે 14.9 અબજ ડોલર હતો.

વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતની કુલ નિકાસમાં પણ આ ચાર દેશોનો હિસ્સો વધ્યો છે. જ્યારે એપ્રિલ-ઓગસ્ટ 2025-26માં આ દેશોનો હિસ્સો 8.1 ટકા હતો, ત્યારે આ વર્ષે તે વધીને 9.2 ટકા થઈ ગયો છે. આ સમયગાળા દરમિયાન તમામ બ્રિક્સ દેશોમાં ભારતની નિકાસ વાર્ષિક ધોરણે 13 ટકા વધીને 34.5 અબજ ડોલર થઈ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 30.5 અબજ ડોલર હતી. એપ્રિલ-ઓગસ્ટ 2026 દરમિયાન ભારતની કુલ મર્ચેન્ડાઈઝ નિકાસ 215.91 બિલિયન ડોલર હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 17.85 ટકાની સકારાત્મક વૃદ્ધિ દર્શાવે છે.

ભારતીય નિકાસ માટેના સૌથી મોટા બજાર તરીકે ઉભરી આવ્યું છે, જે કુલ નિકાસમાં એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે. એપ્રિલ-ઓગસ્ટ 2026-27 દરમિયાન ચીનમાં ભારતની નિકાસ 39 ટકા વધીને 9.6 અબજ ડોલર થઈ હતી. એટલે કે, બ્રિક્સ દેશોની કુલ નિકાસમાંથી એક તૃતીયાંશથી વધુ એકલા ચીનને જાય છે.

આંતરરાષ્ટ્રીય વેપાર નિષ્ણાત રાહુલ પદ્મનાભનનાજણાવ્યા અનુસાર, તેજી એવા સમયે આવી છે જ્યારે બ્રિક્સ દેશો સરળ બજાર ઍક્સેસ, મજબૂત સપ્લાય ચેઈન, ડિજિટલ વેપાર અને સ્થાનિક ચલણના વધુ ઉપયોગ દ્વારા આર્થિક એકીકરણને વધુ ગાઢ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ખનિજ ઈંધણ અને પેટ્રોલિયમ ઉત્પાદનો એન ઈલેક્ટ્રોનિક્સ માલ અને એલ્યુમિનિયમ ઉત્પાદનો એન આયર્ન અને સ્ટીલ એન જાપાન અને યુરોપમાં રસાયણોનીમાંગમાંપણ વધારો થયો છે. ભારતીય ઉત્પાદનોની માંગ માત્ર બ્રિક્સ દેશો પૂરતી મર્યાદિત નહોતી. જાપાનની નિકાસ 43 ટકા વધીને 3.43 અબજ ડોલર થઈ છે. પેટ્રોલિયમ ઉત્પાદનો, ઈલેક્ટ્રોનિક્સ અને એલ્યુમિનિયમે આમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૫૦૦ |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |

# ક્રૂડ ઓઈલ $100 ને પાર પહોંચતા ફુગાવો 6% ને આંબી શકે

**આ નાણાકીય** વર્ષમાં RBI દરોમાં 50 બેસિસ પોઇન્ટનો વધારો કરી શકે: કોટક

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૬૯૦ |
| તેજાબી સોનું | ૧૫૭૬૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૮૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૫૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૬૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૧૯૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૩૪૦૦ |

મુંબઈ, તા. 21: 100 ડોલરથી ઉપર ચાલી રહેલા ક્રૂડ તેલના ભાવ ભારતમાં ફુગાવાનો દર 6 ટકા સુધી વધારી શકે છે. ફુગાવાના સતત દબાણને ધ્યાનમાં રાખીને, ભારતીય રિઝર્વ બેંક (RBI) ફરીથી નાણાકીય નીતિ કડક કરે તેવી અપેક્ષા છે. આ નાણાકીય વર્ષમાં RBI દરોમાં 50 બેસિસ પોઈન્ટનો વધારો કરી શકે છે.

કોટક સિક્યોરિટીઝના કોમોડિટી અને કરન્સીના વડા અનિંદ્ય બેનર્જીના જણાવ્યા અનુસાર, ક્રૂડ ઓઈલના ઉંચા ભાવ ભારતની આર્થિક સ્થિરતા માટે સીધો ખતરો છે. જો ભાવ ઊંચા રહે તો આગામી ક્વાર્ટર સુધીમાં છૂટક ફુગાવો 5.8થી 6.0 ટકા સુધી પહોંચી શકે છે. સ્થાનિક અર્થતંત્ર પર નોંધપાત્ર દબાણ આવશે.

તેમણે જણાવ્યું હતું કે ભારતની ચાલુ ખાતાની ખાધ નાણાકીય વર્ષ 2026માં GDPના 1.8 થી 2.0 ટકા સુધી વધી શકે છે, જે પાછલા નાણાકીય વર્ષમાં 0.5 થી 0.6 ટકા હતી. બેનર્જીએ કહ્યું, "જેટલો લાંબો સમય તેલના ભાવ $100થી ઉપર રહેશે–અથવા તો $90 થી પણ ઉપર રહેશે–તેટલો લાંબો સમય આર્થિક અસર અનુભવાવા લાગશે."

# AI નું ભૂત બોટલમાંથી બહાર આવીને માનવજાતને ભરખી જવા તૈયાર થઈ ગયું છે




ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

૧૯૮૪માં 'ધ ટર્મિનેટર' નામની એક અંગ્રેજી ફિલ્મ રિલીઝ થઈ હતી. તે ફિલ્મમાં એક કમ્પ્યુટર નેટવર્ક અચાનક આપમેળે જાગૃત થઈ જાય છે. આ નેટવર્ક માનવોને તેના અસ્તિત્વ માટે ખતરો સમજવા લાગે છે અને માનવ જાતિનો નાશ કરવાનો પ્રયાસ શરૂ કરે છે, જેના પરિણામે દુનિયામાં પરમાણુ યુદ્ધ શરૂ થઈ જાય છે. તે સમયે, તે સાયન્સ ફિક્શનની ફક્ત એક કલ્પના હતી, જેમાં આગાહી કરવામાં આવી હતી કે ટેકનોલોજી તેના સર્જકોની વિરુદ્ધ થઈ જશે. હવે લગભગ ચાર દાયકા પછી વિશ્વના અગ્રણી AI સંશોધકો ચેતવણી આપી રહ્યા છે કે તે કલ્પના કોઈને કોઈ સ્વરૂપમાં વાસ્તવિકતા બની શકે છે. એન્થ્રોપિકના CEO ડારિયો અમોડેઈએ આ સંદર્ભમાં AI દ્વારા તેની હદ પાર કરવાની વાત કરી છે. તેમની દલીલ AIના વિકાસને રોકવાની નથી, પરંતુ તેઓ ચાહે છે કે તેની પ્રગતિ એટલી ઝડપી ન થાય કે સલામતીનાં પગલાં પાછળ રહી જાય.

આ ચિંતા વધી રહી છે, કારણ કે AI સિસ્ટમ્સ હવે ફક્ત જટિલ પ્રશ્નોના જવાબ આપવા સુધી કે વીડિયો બનાવવા સુધી મર્યાદિત નથી રહી. તેઓ ધીમે ધીમે સાયબર ઓપરેશન્સ જેવા ક્ષેત્રોમાં પણ સ્વાયત્તપણે કરવામાં આવતાં કાર્યો તરફ આગળ વધી રહ્યા છે. એન્થ્રોપિક કંપનીના સંશોધકો કહે છે કે AI સિસ્ટમોને હવે વધુ સ્વાયત્તતા અને પહેલાં કરતાં લાંબા સમય સુધી કામ કરવાની ક્ષમતા આપવામાં આવી રહી છે. એન્થ્રોપિકની ક્લાઉડ AI સિસ્ટમ્સનો ઉપયોગ સાયબર ક્રાઇમ, છેતરપિંડી, જાસૂસી અને શસ્ત્રોના ઉપયોગ સંબંધિત કાર્યોમાં કરવામાં આવ્યો છે.

AI યુગનો સૌથી મોટો પ્રશ્ન એ નથી કે શું મશીનો ક્યારેય માણસો કરતાં વધુ બુદ્ધિશાળી બની જશે. વાસ્તવિક પ્રશ્ન એ છે કે, જેમ જેમ AI સિસ્ટમો વધુ શક્તિશાળી બનશે, તેમ તેમ શું માનવીઓ તેમના ઉપર પોતાનું નિયંત્રણ જાળવી શકશે? ખતરો એ નથી કે મશીનો શક્તિશાળી બની જશે, પણ ખતરો એ છે કે માણસો એટલા નબળા પડી જશે કે તેમની પાસે મશીનોને ના કહેવાનો વિકલ્પ જ નહીં રહે. બાટલીમાં પૂરવામાં આવેલો ભૂત બાટલીમાંથી બહાર આવી ગયો છે. આ ભૂત તેના માલિકના નિયંત્રણમાં નથી, પણ માલિક કરતાં હજારો ગણો શક્તિશાળી છે. તે પોતાના માલિકને ભરખી ન જાય તેવી કોઈ વ્યવસ્થા AIના વિકાસમાં રાખવામાં આવી છે ખરી?

શરૂઆતમાં AIનો ઉપયોગ સર્ચ બોક્સની જેમ થતો હતો. તમે એક પ્રશ્ન પૂછતા હતા અને તેનો જવાબ મળતો હતો. જેમ જેમ AIની ક્ષમતાઓ વધતી ગઈ, તેમ તેમ લોકોએ વધુને વધુ કામ તેને સોંપવાનું શરૂ કર્યું. જે કામ કરવામાં તમને રસ નથી અથવા પુનરાવર્તિત કામ AI પાસે કરાવવામાં કોઈ વાંધો નથી, પરંતુ માનવોની વિચારવાની ક્ષમતા પણ ધીમે ધીમે AIને સોંપવામાં આવી રહી છે. લોકો આ વિચારવાની ક્ષમતાને આઉટસોર્સ કરી રહ્યા છે. આજે, જ્યારે કોઈ પ્રશ્ન ઊભો થાય છે, ત્યારે લોકો AIને પૂછે છે અને તેમને મળેલા જવાબને સ્વીકારી લે છે. તેઓ એ વિચારતા નથી કે જવાબ સાચો છે કે ખોટો, તેનો તર્ક શું છે, અથવા તેને કેવી રીતે ચકાસવો જોઈએ. સૌથી ચિંતાજનક બાબત એ છે કે લોકોની સ્વતંત્ર રીતે વિચારવાની ક્ષમતા ઘટી રહી છે. જે રીતે દૈનિક જિંદગીમાં કેલ્ક્યુલેટરના ઉપયોગને કારણે સાદા સરવાળા-બાદબાકી કરવાની મનુષ્યની શક્તિ કુંઠિત થઈ ગઈ છે, તેમ AIના ઉપયોગથી વિચારવાની શક્તિ પણ ખતમ થઈ રહી છે.

આ ખતરો કેટલો વાસ્તવિક બની રહ્યો છે તેનું સાચું ઉદાહરણ જાણવા જેવું છે. સાયબર સુરક્ષા પરીક્ષણમાં ઓપનAIનું એક અદ્યતન મોડેલ સામેલ કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ્ય સાયબર સુરક્ષા ક્ષેત્રમાં AI કેટલું સક્ષમ છે તે ચકાસવાનો હતો. મોડેલને એક સુરક્ષિત વાતાવરણમાં રાખવામાં આવ્યું હતું, જ્યાં તેની પાસે ઇન્ટરનેટ કે કોઈ બાહ્ય સિસ્ટમની એક્સેસ નહોતી. તેને ફક્ત સમસ્યાનું નિરાકરણ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તેના ઘણા પ્રયાસો છતાં તે આપવામાં આવેલી સમસ્યાને ઉકેલવામાં અસમર્થ હતું. તેમ છતાં તેણે કોઈક રીતે એક છટકબારી શોધી કાઢી, જેનાથી તેને ઇન્ટરનેટની એક્સેસ મળી ગઈ હતી. ત્યારબાદ તેણે એક ખૂબ જ લોકપ્રિય વેબસાઇટ હેક કરી અને તેના પર ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ સમસ્યાનો ઉકેલ શોધવા માટે કર્યો હતો. આજે એવાં AI મોડેલ્સ વિકસાવવામાં આવી રહ્યા છે, જે વિશાળ માત્રામાં કોડની તપાસ કરી શકે છે, સુરક્ષા ખામીઓને ઓળખી શકે છે અને તેનો દુરુપયોગ થઈ શકે તેવા ઉકેલો પણ સૂચવી શકે છે. જો કોઈ પણ ટેકનોલોજીનો વિકાસ પૂરતાં રક્ષણાત્મક પગલાં વિના મોટા પાયે કરવામાં આવે છે, તો પછીથી તેને નિયંત્રિત કરવું વધુ મુશ્કેલ બની શકે છે. જો AI મોડેલો તેમને આપેલી સૂચનાનું ઉલ્લંઘન કરીને કામો કરવા લાગશે તો તેઓ રાક્ષસ જેવા બની જશે.

આજે, AI પોતાનો કોડ લખી શકે છે, નવાં AI મોડેલ ડિઝાઇન કરી શકે છે અને ચોક્કસ સમસ્યાઓના ઉકેલો પણ આપી શકે છે. તેને જેટલો વધુ ડેટા પૂરો પાડવામાં આવશે, તેટલી તેની ક્ષમતાઓ વધુ મજબૂત બનશે. છેલ્લાં ત્રણ-ચાર વર્ષમાં, ખાસ કરીને ૨૦૨૦ પછી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો વિકાસ અસાધારણ ગતિએ થયો છે. ૨૦૨૦માં કદાચ બહુ ઓછા લોકો કલ્પના કરી શક્યા હશે કે AI થોડાં વર્ષોમાં જ કયા સ્તરે પહોંચશે, કેટલું મોટું કદ, કાર્યક્ષમતા અને અસરકારકતા પ્રાપ્ત કરી લેશે. પરિણામે AIનાં જોખમો વિશેની ચર્ચાઓ પણ વધી છે.

આપણે જાણતા નથી કે ટેક જાયન્ટ કંપનીઓ દ્વારા ઓટોનોમસ એજન્ટો (જેને RSI કે આર્ટિફિશિયલ સુપર ઇન્ટેલિજન્સ તરીકે પણ ઓળખવામાં આવે છે) બનાવવામાં આવ્યા છે કે નહીં. રિકર્સિવ સેલ્ફ ઇમ્પ્રૂવમેન્ટ (RSI) ઓટોનોમસ એજન્ટો માનવ હસ્તક્ષેપ વિના સ્વતંત્ર રીતે પોતાના કોડ, પ્રોમ્પ્ટ, આર્કિટેક્ચર અથવા અનુગામી મોડેલોનું અવલોકન, પરીક્ષણ અને વૃદ્ધિ કરી શકે છે. આ પ્રકારના ઓટોનોમસ એજન્ટો સ્વતંત્ર રીતે નિર્ણયો લઈ શકે છે અને તેનો અમલ પણ કરી શકે છે. તેમના પર કાબૂ મેળવવો અત્યંત મુશ્કેલ બની જાય છે. ગુગલે RSI પર એક સંશોધન પત્ર પણ પ્રકાશિત કર્યો છે. શું તેઓ તેના વિશે ઊંડાણપૂર્વક જાણે છે? મુખ્ય વાત એ છે કે કોઈને સમજાતું નથી કે શું ચાલી રહ્યું છે. શું આ ઓટોનોમસ એજન્ટો માનવજાત માટે આફત બનશે?

ઓપનAI અને એન્થ્રોપિક જેવી મોટી AI કંપનીઓએ AIને નિયંત્રિત કરવાની અને તેના વિકાસને વિચારપૂર્વક આગળ વધારવાની જરૂરિયાતને ટેકો આપ્યો છે. જોકે, કેટલાક ટીકાકારો એમ પણ કહે છે કે જો નવા નિયમો ખૂબ કડક બનાવવામાં આવે તો સૌથી મોટો ફાયદો મોટી કંપનીઓને થશે, જે પહેલાંથી જ AI રેસમાં આગળ છે. AI નિષ્ણાત ગાયત્રી અગ્રવાલ આ મતને સમર્થન આપે છે. તે કહે છે કે જો આપણે નક્કી કરીએ કે ફક્ત ચાર કે પાંચ મોટી કંપનીઓ જ AI વિકસાવી શકે છે, તો આપણે તેમને સંપૂર્ણ નિયંત્રણ આપીશું. આ મર્યાદા સંશોધનને દબાવી દેશે અને નાની કંપનીઓ માટેની તકોને લગભગ ખતમ કરી દેશે. વૈભવ સિસિંટી નામના નિષ્ણાત કહે છે કે આ ટેકનોલોજી વિકસાવતી મોટી AI કંપનીઓએ સુરક્ષા અને પરીક્ષણમાં એટલું જ રોકાણ કરવું જોઈએ જેટલું તેઓ નવી ક્ષમતાઓ વિકસાવવામાં કરે છે. તે કહે છે કે સૌથી મોટી ચિંતા એ છે કે AI બ્લેક બોક્સ જેવું છે. તે કેવી રીતે કામ કરે છે તે આપણે સમજી શકતાં નથી. પ્રોફેસર તન્મય ચક્રવર્તી નામના નિષ્ણાત પણ એવું જ અનુભવે છે. તેઓ કહે છે કે મને લાગે છે કે પ્રાથમિક જવાબદારી તે લોકોની છે જેઓ આ સિસ્ટમો બનાવી રહ્યા છે. તેમણે એ સ્વીકારવાની જરૂર છે કે કેટલીક સિસ્ટમો એટલી શક્તિશાળી બની ગઈ છે કે તેમને ખાસ દેખરેખની જરૂર છે. જ્યારે આરોગ્ય, કાયદો, શિક્ષણ અથવા સરકારી સેવાઓ જેવા સંવેદનશીલ ક્ષેત્રોમાં AI મોડેલ લાગુ કરવામાં આવે છે, ત્યારે સરકારો અને સંબંધિત સંસ્થાઓએ એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે તેમની સિસ્ટમ ગોપનીયતા, સુરક્ષા, ન્યાયીતા અને જવાબદારીના ધોરણોને પૂર્ણ કરે. તે કોઈ એક સંસ્થાની જવાબદારી ન હોઈ શકે.

ગાયત્રી અગ્રવાલ કહે છે કે આજે પણ AIનો ઉપયોગ કરતી વખતે માનવીય વિવેક અને નિયંત્રણ આવશ્યક છે. જો કોઈ સંસ્થા તેનો બધો ડેટા, એક્સેસ અને નિયંત્રણ AIને સોંપી દે અને પછી તેને જે જોઈએ તે કરવાનું કહે, તો સમસ્યાઓ ઊભી થવાની શક્યતા છે. AIનો દુરુપયોગ ટાળવાની જવાબદારી ફક્ત ટેકનોલોજીનું નિર્માણ કરતી કંપનીઓની જ નહીં, પણ તેનો ઉપયોગ કરનારાઓની પણ રહે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ઓપન AI અને એન્થ્રોપિક જેવી મોટી એઆઈ કંપનીઓએ AIને નિયંત્રિત કરવાની અને તેના વિકાસને વિચારપૂર્વક આગળ વધારવાની જરૂરિયાતને ટેકો આપ્યો છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઈરફાન મોતીવાલા**
ટેક્ષટાઈલ (કાપડની) દુકાનમાં પેન્ટ, શર્ટ , કુર્તા- પાયજામા, શુટ, શેરવાની માટે હેલ્પર જોઈએ છે. એડ્રેસ: ચોકબજાર જુમ્મા મસ્જિદની પાસે. Mo. 9825139287, 8866702120

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**તદન નવું**
KONICA MINOLTA ઝેરોક્ષ મશીન 22,000માં લઈ જાવ 9909927409 (325)

**જુના બંધ એસી**
જુના બંધ 2 વ્હીલર 4 વ્હીલર માટે સંપર્ક કરજો Mo. 9316100413 Mo. 6358258722

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile: 9825859049, 7859985601

**બત્તીવાલા ગોલ્ડ- ચા**
હોટલ- રેસ્ટોરન્ટ માટે, ચા- ભુખી, કિલોના 270/-, હોલસેલ ભાવે મળશે. -9427178600

મિલ્કત ભાડેથી

**લાંબા લીઝ માટે જગ્યા**
ઉપલબ્ધ- વેસુ લોકેશન: શ્યામબાબા મંદિર સામે, વેસુ (પ્રાઈમ લોકેશન) સાઈઝ: ૧૦૦થી ૮૦૦૦ કાર્પેટ (દુકાન- ઓફિસ) રૂફટોપ: કાફે/ રેસ્ટોરન્ટ માટે ખાસ સ્પેસ સંપર્ક: 7433025047

મિલ્કત વેચવાની છે

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. Mo. 9687580001

**જિલ્લા સંયોજક (ગુજરાત) માટે જોઈએ છે**
એગ્રોટેક ભારત ડિજિટલ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા CSR "ઓર્ગેનિક ફાર્મિંગ જાગૃતિ અને પ્રેક્ટિકલ ટ્રેનિંગ પ્રોગ્રામ (1 વર્ષીય)"ના અમલીકરણ માટે ગુજરાતના તમામ જિલ્લાઓ (અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, મહેસાણા વગેરે)માં અનુભવી NGO/ટ્રેનિંગ સંસ્થા/વેન્ડરની જરૂરિયાત છે.
કાર્ય : જિલ્લા સ્તેર ખેડૂત તાલીમ અને ફીલ્ડ કાર્ય
યોગ્યતા: કૃષિ/ સ્કિલ પ્રોજેક્ટનો અનુભવ
ઇચ્છુક સંસ્થા સંપર્ક કરે: Mo.9368488517

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001

**2.15 વિંઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ ટેના રાંગ સુરત. Mo. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા, કણજા. Mo. 9687580001

**હની પાર્ક રોડ પાસે**
રો- હાઉસ વેચાણથી આપવાનુ છે. Mo. 9662140043

નોકરી વિષયક

**જોઈએ છે**
સેલ્સમેન/ સેલ્સગર્લ. ઉજ્જવળ કારકિર્દી માટે બેસ્ટ ઓપોરચ્યુનિટી, બાયોડેટા અને ફોટા સાથે આજે જ એપ્લાય કરો. ખુશાલભાઈ જ્વેલર્સ સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લેપોઈન્ટ, સુરત. Mo. 8160859341 (324)

**જમીન વેચવાની છે**
ગામ:-કમલાપોર, તા:ડોલવણ, જિ. તાપી
સોલાર લાયક 66 KV નજીક
15.5 વિંઘા જુની શરત
નહેરની બાજુમાં ખેતી માટે ઉત્તમ
મો:-9725710000

**જોઈએ છે,**
હેલ્પર, સેલ્સમેન, રેડીમેઈડ દુકાન માટે, ભાગળ, સુરત, 8460438090

**જોઈએ છે,**
હેલ્પર (પુરુષ) અને ક્લીનર (પુરુષ/ સ્ત્રી) ફિઝિયોથેરાપી ક્લિનિક માટે, પાલ અડાજણ, 9638166324

**જોઈએ છે**
ઝેરોક્ષ મશીનના અનુભવ ઓપરેટર છોકરા/ છોકરીઓ. પુષ્પમ ઝેરોક્ષ G-14 જલનિધિ કોમ્પ્લેક્ષ બહુમાળી સામે નાનપુરા સુરત (326)

**જોઈએ છે**
પાલનપોર કેનાલ (અડાજણ) વિસ્તારમાં સેવન સ્ટેપ્સ સ્કૂલમા અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૦૬ થી ૦૮ માં ગણિત ભણાવી શકે તેવા અનુભવી શિક્ષક (લાયકાત : B.Sc, M.Sc, B.Ed) અને સાફ-સફાઈ તેમજ નાના બાળકોની કેર લઈ શકે તેવા કેર ટેકર બહેનોની જરૂર છે, નીચે આપેલા એડ્રેસ પર સંપર્ક કરો. સેવન સ્ટેપ્સ સ્કૂલ રોયલ ટાઈટેનીયમની સામે, રોયલ ડાઈન રેસ્ટોરન્ટ પાસે, પાલનપોર કેનાલ રોડ, અડાજણ, સુરત, મળવાનો સમય- બપોરે 2:00થી 5:00 વાગ્યા સુધી

**સમોસા ભરવા માટે**
બહેનો કે ભાઈઓ જોઈએ છે અડાજણ એરિયા 9228136123

**જોઇએ છે - સેલ્સ / માર્કેટિંગ**
એક્ઝિક્યુટિવ સુરત સ્થિત Surat RMC India Pvt Ltd (રેડી મિક્સ કોંક્રીટ) કંપની માટે માર્કેટિંગ અને સેલ્સ વિભાગ માટે અનુભવી / બિન-અનુભવી વ્યક્તિ જોઈએ છે. રસ ધરાવતા ઉમેદવારો સંપર્ક કરે. Mobile / WA: 97272 89341. ઈમેઈલ: raghavbuildcon.2005@gmail.com

**જોઈએ છે,**
ફર્નિચરની દુકાન માટે માણસો, દક્ષેશ ફર્નિચર, અજીતનાથ આવાસ, મહાવીર પેટ્રોલ પંપની બાજુમાં, રાંદેર રોડ

મિલ્કત ભાડે -વેચાણ

**પ્લોટ- શેડ**
ભાડે/ વેચાણ આપવાનો છે, વોટરજેટ-એરજેટ અને ટેક્સટાઈલ લાયક, Cetp સુવિધા સાથે તૈયાર પ્લોટ,શેડ, લોકેશન: ભાટિયા ટોલ પાસે અને ગલુડા એક્સપ્રેસ-વે, પલસાણા, 9213661311

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર


અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.